Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૧૧–૨–૨૦૧૫**

સિન્ડિકેટની સામાન્ય સભા બુધવાર, તા.૧૧–૨–૨૦૧૫ના રોજ બપોરે ૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૧૧–૨–૨૦૧૫ |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૬. | ડૉ.જયંતીકુમાર મોરારજી નાયક | હાજર |
| ૭. | મેજર ઉન્મેષભાઈ પંડયા | હાજર |
| ૮. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૯. | ડૉ. ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૦. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૧. | શ્રી શ્રીધર રામદાસભાઈ નિમાવત | હાજર |
| ૧૨. | શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય | હાજર |
| ૧૩. | શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધા | હાજર |
| ૧૪. | ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ.કિરણ પંડયા | હાજર |
| ૧૬. | શ્રી મેહુલભાઈ કનુભાઈ ઠાકર | ગેરહાજર |
| ૧૭. | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | ગેરહાજર |
| ૧૮. | ડૉ.અશ્વિનભાઈ શંકરભાઈ પટેલ | હાજર |
| ૧૯. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૧૨–૧–૨૦૧૫ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત…

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૨–૧–૨૦૧૫ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવામાં આવે છે.**

**<u>સિ.તા.૧૨–૧–૨૦૧૫ની બાબત ક્રમાંક : ૬</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન એસ. એસ. અગ્રવાલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિઝિયોથેરાપી એન્ડ મેડિકલ કેર એજ્યુકેશન, નવસારીમાં પ્રથમ વર્ષ બી.ફિઝિયોથેરાપીમાં ૨૫ બેઠકો ઉપરાંત ૨૫ બેઠકો વધારીને ૫૦ બેઠકો કરવા અંગે અગ્રવાલ ફાઉન્ડેશન, નવસારીના મંત્રીશ્રીએ તેમના તા.૨૨–૧૨–૨૦૧૪ના પત્ર ક્રમાંક : SSACP/ Phy/ 102/2014થી ૨૫ થી વધારીને ૫૦ બેઠકો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬થી "Consent Letter" આપવા કરેલ માંગણી એપેક્ષ બોડિની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારવી.**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન એસ. એસ. અગ્રવાલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફિઝિયોથેરાપી એન્ડ મેડિકલ કેર એજ્યુકેશન, નવસારીમાં પ્રથમ વર્ષ બી.ફિઝિયોથેરાપીમાં ૨૫ બેઠકો ઉપરાંત ૨૫ બેઠકો વધારીને ૫૦ બેઠકો કરવા અંગે અગ્રવાલ ફાઉન્ડેશન, નવસારીના મંત્રીશ્રીએ તેમના તા.૨૨–૧૨–૨૦૧૪ના પત્ર ક્રમાંક : SSACP/ Phy/ 102/2014થી ૨૫ થી વધારીને ૫૦ બેઠકો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫ – ૨૦૧૬થી "Consent Letter" આપવા કરેલ માંગણી એપેક્ષ બોડિની મંજૂરીની અપેક્ષાએ સ્વીકારવી.**

**<u>(નોંધ : શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્યએ સદર બાબતે વાંધો રજૂ કરેલ છે.)</u>**

**<u>વાંચનમાં લેવું.</u>**

**<u>સિ.તા.૧૨–૧–૨૦૧૫ની બાબત ક્રમાંક : ૯</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી ટયુશન ફીમાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં વધારો કરવાની દરખાસ્ત ગ્રાહ્ય રાખવી.**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી ટયુશન ફીમાં <u>M.A. અને M.Com.</u> અનુસ્નાતક અભ્યાસક્રમોમાં વધારો કરવાની દરખાસ્ત ગ્રાહ્ય રાખવી.**

**<u>વાંચનમાં લેવું.</u>**

**<u>સિ.તા.૧૨–૧–૨૦૧૫ની બાબત ક્રમાંક : ૧૫</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને હાલ મુલતવી <u>રાખી આગામી સિન્ડિકેટમાં રજૂ કરવી.</u>**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને હાલ મુલતવી રાખવી.**

**<u>વાંચનમાં લેવું.</u>**

**<u>સિ.તા.૧૨–૧–૨૦૧૫ની બાબત ક્રમાંક : ૨૫</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, <u>સદર બાબતને Withdraw કરવી.</u>**

**<u>વધુમાં</u> આજની સભા ગહન ચર્ચા વિચારણાને અંતે ઠરાવે છે કે, રાજય સરકારશ્રીને ગંભીરતાપૂર્વક પત્ર લખવો. યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક તથા બિનશૈક્ષણિકની વિવિધ જગ્યાઓ સત્વરે ભરવાની કાર્યવાહી હાથ ધરવી તથા જરૂર જણાય તો માનનીય કુલપતિશ્રી તથા તમામ સિન્ડિકેટ સભ્યશ્રીઓએ ગાંધીનગર જઈને રૂબરૂમાં સદર બાબતે રાજય સરકારશ્રીમાં રજૂઆત કરવી.**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આજની સભા ગહન ચર્ચા વિચારણાને અંતે ઠરાવે છે કે, રાજય સરકારશ્રીને ગંભીરતાપૂર્વક પત્ર લખવો. યુનિવર્સિટી ખાતે શૈક્ષણિક તથા બિનશૈક્ષણિકની વિવિધ જગ્યાઓ સત્વરે ભરવાની કાર્યવાહી હાથ ધરવી તથા જરૂર જણાય તો માનનીય કુલપતિશ્રી તથા તમામ સિન્ડિકેટ સભ્યશ્રીઓએ ગાંધીનગર જઈને રૂબરૂમાં સદર બાબતે રાજય સરકારશ્રીમાં રજૂઆત કરવી.**

**<u>વાંચનમાં લેવું.</u>**

૨. સિન્ડિકેટની તા.૨–૨–૨૦૧૫ની ખાસ સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨–૨–૨૦૧૫ની ખાસ સભાની કાર્યવાહીની નોંધ યથાવત મંજૂર કરવામાં આવે છે.**

૩. નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ના હિસાબોની ચકાસણી કરવા અંગેની કામગીરી માટે નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫માં નિમાયેલ બોર્ડ ઓફ એકાઉન્ટ્સનો અહેવાલ તથા કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ના હિસાબોની ચકાસણી કરવા અંગેની કામગીરી માટે નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫માં નિમાયેલ બોર્ડ ઓફ એકાઉન્ટ્સનો અહેવાલનો પરિશિષ્ટ : " ક " મુજબ સ્વીકાર કરવી મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ એકાઉન્ટસે કરેલા સૂચનોનો અમલ કરવો તથા સ્ટેટયુટ મુજબ દર ત્રણ મહિને બોર્ડ ઓફ એકાઉન્ટ્સની મીટીંગ બોલાવવી. આગામી સેનેટની વાર્ષિક સભામાં શ્રી ધર્મેશભાઈ પી. શાહ પાસે રજૂ (Move) કરાવવાનું રાખવું.**

**(પરિશિષ્ટ : " ક ")**

**(નોંધ : શ્રી અમિતસિંહ ખુમાનસિંહ સિંધાએ સદર બાબતે વાંધો રજૂ કરેલ છે.)**

૪. સિન્ડીકેટની તારીખઃ ૨૨–૧૨–૨૦૧૧/૦૯–૦૨–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯૫ થી ઓર્ડિનન્સ–૧૬ (iii) ની જોગવાઇ મુજબ "ગ્રાંન્ટસ યુટિલાઇઝેશન કમિટિ" ના સભ્યપદે તારીખઃ ૧૦–૦૨–૨૦૧૨ થી તારીખઃ ૦૯–૦૨–૨૦૧૫ સુધી ત્રણ વર્ષની મુદ્દત માટે પાંચ સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ હતી. જેની મુદ્દત તારીખઃ ૦૯–૦૨–૨૦૧૫ ના રોજ પૂર્ણ થતી હોય નવા પાંચ સભ્યોની નિમણૂંક કરવા અંગે વિચારણા બાબત.

:: ઓર્ડિનન્સ–૧૬ (iii) નો પાઠ નીચે મુજબ છે.

The Grants Utilization Committee shall consist of :-

(i) The Vice – Chancellor ;
(ii) The Pro – Vice – Chancellor ;
(iii) Five members to be nominated by the Syndicate for a period of three years.

(યુ. જી. સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડીકેટની તારીખઃ૨૨–૧૨–૨૦૧૧/૦૯–૦૨–૨૦૧૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯૫થી ઓર્ડિનન્સ–૧૬ (iii)ની જોગવાઈ મુજબ "ગ્રાંન્ટસ યુટિલાઈઝેશન કમિટિ"ના સભ્યપદે તારીખઃ ૧૦–૦૨–૨૦૧૨ થી તારીખઃ ૦૯–૦૨–૨૦૧૫ સુધી ત્રણ વર્ષની મુદ્દત માટે પાંચ સભ્યોની નિમણૂંક કરવામાં આવેલ હતી. જેની મુદ્દત તારીખઃ ૦૯–૦૨–૨૦૧૫ના રોજ પૂર્ણ થતી હોય તા.૧૦–૨–૨૦૧૫થી તા.૯–૨–૨૦૧૮ના સમય માટે નવા પાંચ સભ્યોની નિમણૂંક નીચે મુજબ કરવામાં આવે છે.**

**(૧) ડૉ.અપૂર્વ એ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) ડૉ.કિરણ પંડયા (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) ડૉ.આર. ડી. પટેલ(પ્રોફેસર અને વડાશ્રી, આંકડાશાસ્ત્ર વિભાગ વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૪) ડૉ.પરવેઝ એ. અબ્બાસી (પ્રોફેસર અને વડાશ્રી, સમાજશાસ્ત્ર વિભાગ, વી.ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૫) ડૉ.હરીશ ડોકટર (પ્રોફેસર અને વડાશ્રી, ગણિતશાસ્ત્ર વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**

૫. બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા.૦૯/૧૦/૨૦૧૪ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક : ૨, ૩, ૫, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩ અને ૨૪ ઉપર વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા.૦૯/૧૦/૨૦૧૪ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક : ૨, ૩, ૫(૩), ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૨૨ બાબતોને નાણાં સમિતિને રીફર કરવી.**

**વધુમાં ક્રમાંક નં.૧૭ને પરત ખેંચવી તેના સિવાયની તમામ ભલામણ પરિશિષ્ટઃ " ખ " માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટઃ " ખ ")**

૬. તબીબી વિદ્યાશાખાના અનુસ્નાતક અભ્યાસના વર્ષ ૨૦૧૫ના પ્રવેશ અને તેની આનુષંગીક કાર્યવાહી સંદર્ભમાં નિયુકત સમિતિની તા.૨૭–૧–૨૦૧૫ના રોજ મળેલ સભાએ પ્રવેશના ૨૦૧૪થી અમલી નિયમમાં પ્રવર્તમાન એમ. સી. આઈ. અને રેસીડન્સી નિયમની જોગવાઈ મુજબ નીચે મુજબના નિયમ ક્રમાંકમાં તે સામે દર્શાવ્યા મુજબ ફેરફાર કરવા ભલામણ કરેલ છે, જે ભલામણ સહિતની આ સાથેની ભલામણ મંજૂર કરવા વિચારણા કરવા અંગે.

| અનુ. નિયમ | અનુસ્નાતક ૨૦૧૪ થી અમલી નિયમની જોગવાઈ | માન. કુલપતિશ્રી નિયુકત સમિતિની ભલામણ |
|---|---|---|
| 1.9 | A candidate will have to appear in AIPGMEE 14 - PG for admission to post-graduate medical courses (M.D./M.S. /Diploma) to be held in same academic year and should have to secure 50th percentile for seeking admission to open category and 40th percentile for seeking admission to SC, ST & SEBC category seats only.(Reserved candidate securing 40th percentile or more but less than 50th percentile in Entrance test will not be eligible for open category seat even if it remains vacant.) | A candidate **shall** have to appear **Qualifying Exam of the AIPGMEE ( of respective Year) or decided by University Authority** for admission to post-graduate medical courses (M.D./M.S./Diploma) to be held in same academic year and should have to secure 50% for seeking admission to open category,45% for physically handicapped candidate in open catagory and 40% for seeking admission to SC, ST & SEBC category seats only.(Reserved candidate securing 40% or more but less than 50% in Entrance test will not be eligible for open category seat even if it remains vacant.) |
| 3.b | Appropriate percentage seats will be reserved for medical officer appointed by Govt. of Gujarat as per their directive in force from time to time. Preference will be given to the candidate passing from Veer Narmad South Gujarat University & in accordance with rule 4.1 and the students of other Universities will be considered as per their merits in accordance with rules 4.2 & 4.3. | Appropriate percentage seats will be reserved for medical officer appointed by Govt. of Gujarat as per MCI directive in force from time to time. Preference will be given to the candidate passing from Veer Narmad South Gujarat University & in accordance with rule 4.1 and the students of other Universities will be considered as per their merits in accordance with rules 4.2 & 4.3. |
| 5 | 7% of seats available for P.G. Degree and Diploma will be reserved for candidates belonging to scheduled caste, 15% of seats for candidates scheduled Tribal and 27% of seats for candidates belonging to socially and educationally backward class (SEBC) students including widows and orphan children. The students desiring admissions under SEBC category will have to submit a certificate that they are not included in the creamy layer from the competent authority as prescribed by the Govt. of Gujarat from time to time along with the applications. Applications received without the latest (current financial year) Non Creamy layer certificate will be considered in open category and the benefit of SEBC category will not be given to such student. The certificate of OBC will not considered for SEBC category. | 7% of seats available for P.G. Degree and Diploma will be reserved for candidates belonging to scheduled caste, 15% of seats for candidates scheduled Tribal and 27% of seats for candidates belonging to socially and educationally backward class (SEBC) students including widows and orphan children. 3% of seats will be reserved for physically handicapped candidates in each category on the basis of criteria laid down by Medical Council of India.The students desiring admissions under SEBC category will have to submit a certificate that they are not included in the creamy layer from the competent authority as prescribed by the Govt. of Gujarat from time to time along with the applications. Applications received without the latest (current financial year) Non Creamy layer certificate will be considered in open category and the benefit of SEBC category will not be given to such student. The certificate of OBC will not considered for SEBC category. |

| | | |
|---|---|---|
| | The candidate who wishes to claim for a seat reserved under Physically Handicapped category, should furnish the details in application from. This candidate must present himself/herself before Board constituted as per G.R. No.MCG/1004/1976/J for assessing and certifying percentage of his/her Loco-motor disability (Lower limbs only and upper limbs being normal) between 50% to 70% as per M.C.I guideline. The candidate with a disability more than 70% will not be eligible for admission to Post Graduate Courses. No other disability shall be allowed as per the MCI guidelines. The eligible candidates under this category will be given admission as per M.C.I guideline in force from time to time and Supreme Court guideline subject to the availability of seats in different courses for physically handicapped students as per roster point guideline given by the Govt. of Gujarat. 3% of seats will be reserved for physically handicapped candidates in each category on the basis of criteria laid down by Medical Council of India. | The candidate who wishes to claim for a seat reserved under Physically Handicapped category, should furnish the details in application from. This candidate must present himself/herself before Board constituted as per G.R. No.MCG/1004/1976/J for assessing and certifying percentage of his/her Loco-motor disability (Lower limbs only and upper limbs being normal) between 50% to 70% as per M.C.I guideline. The candidate with a disability more than 70% will not be eligible for admission to Post Graduate Courses. No other disability shall be allowed as per the MCI guidelines. The eligible candidates under this category will be given admission as per M.C.I guideline in force from time to time and Supreme Court guideline subject to the availability of seats in different courses for physically handicapped students as per roster point guideline given by the Govt. of Gujarat. |
| 7.1 | 100 % Merit will be determined as per the percentile obtained in AIPGMEE 14 | 100 % Merit will be determined as per the marks obtained in **Qualifying Exam of the AIPGMEE(of respective Year) or decided by University Authority.** |
| 7.8 | The selected and admitted candidate will have to join within 7 days or before 31st may whichever is earlier. If he /she fails to do so or if he /she leaves before completion of the course, he /she will lose his / her admission ( and registration) and will not be Eligible to apply in the future.<br>(a) In each term, minimum 75% percent of total attendance is required for granting respective term. | The selected and admitted candidate will have to join within 7 days or as per directives by MCI for last date whichever is earlier. If he /she fails to do so or if he /she leaves before completion of the course, he /she will lose his / her admission ( and registration) and will not be Eligible to apply in the future.<br>(a) **As per MCI provision,** In each term, minimum 75% of total attendance is required for granting respective term. |
| 11<br>R1 | Before the candidate is offered choice of post, his original documents are compared with the attested copies he had submitted with his application form. If all the originals are not available with him /her or if there is discrepancy in any of the documents, he/she becomes ineligible . His/her interview will not be held and next candidate will be called for interview | Before the candidate is offered choice of post, his/her original documents are compared with the attested copies he/she had submitted with his application form. For 2nd and subsequent counseling If all the originals are not available with him /her or if there is discrepancy in any of the documents, he/she becomes ineligible. If His/her interview will not be held and next candidate will be called for interview<br>For first counseling only, If all the originals are not available with him /her; he/she will have to give an undertaking to produce them in 7 days; failing which the admission will be treated as canceled. |

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિધાશાખાના અનુસ્નાતક અભ્યાસના વર્ષ ૨૦૧૫ના પ્રવેશ અને તેની આનુષંગીક કાર્યવાહી સંદર્ભમાં નિયુકત સમિતિની તા.૨૭–૧–૨૦૧૫ના રોજ મળેલ સભાએ પ્રવેશના ૨૦૧૪થી અમલી નિયમમાં પ્રવર્તમાન એમ. સી. આઈ. અને રેસીડન્સી નિયમની જોગવાઈ મુજબ ઉપરોકત મુજબના નિયમ ક્રમાંકમાં તે સામે દર્શાવ્યા મુજબ ફેરફાર કરવા ભલામણ કરેલ છે, પ્રસ્તુત બાબતને એકેડેમિક કાઉન્સિલને રીફર કરવામાં આવે છે.**

૭. એમ.આર.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ–રાજપીપળાના ઈન્ચાર્જ આચાર્યશ્રીના તા.૧૯/૧૧/૨૦૧૪ના રોજના પત્રાંકઃ૩૨૬/૧૧/૨૦૧૪ મુજબ સને ૨૦૧૪–૧૫ના શૈક્ષણિક વર્ષમાં એમ.એ.–હિન્દી અભ્યાસક્રમમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા દ્વારા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ (૧) વસાવા ચંદ્રિકા આર. (૨) પરમાર કલ્પનાબેન ઈશ્વરભાઈ અને (૩) વસાવા રીતેશભાઈ ઘ્વારકાદાસ વિગેરેને હાયર પેમેન્ટની બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. તેઓએ રેગ્યુલરની ખાલી બેઠક પર પ્રવેશ તબદીલ કરી આપવા કોલેજમાં અરજી કરેલ છે. અત્રેની કોલેજમાં રેગ્યુલર બેઠક પર પ્રવેશ મેળવનાર પરમાર હીતેશકુમાર રમણભાઈ, વસાવા જયશ્રીબેન મોહનભાઈ અને વસાવા સેતલબેન માધુસીંગ આમ ત્રણે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન ફોર્મ અને પરીક્ષા ફોર્મ ભરેલ નથી. જેથી ઉપરોકત અરજીકર્તા વિદ્યાર્થીઓને હાયર પેમેન્ટની બેઠક પરથી રેગ્યુલર બેઠક પર પ્રવેશ મળે તે માટે અત્રેની કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રીની રજૂઆત અંગે ડીનશ્રી– આર્ટસ ફેકલ્ટીના તા.૬/૦૧/૨૦૧૫ના રોજના અભિપ્રાય મુજબ સમગ્ર નીતિ બનાવવાની જરૂરી જણાતી હોઈ, સંત્તા મંડળમાં મૂકવા જણાવેલ હોઈ જે અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે પ્રવર્તમાન નિયમો મુજબ પ્રથમ સેમેસ્ટરમાં જ તબદીલની કાર્યવાહી કરવી.**

૮. રાષ્ટ્રીય અધ્યાપક શિક્ષા પરિષદ્ **(NCTE),** ભોપાલના તા.૨૩/૧૨/૨૦૧૪ના રોજના પત્ર મુજબ **NCTE**ના વર્ષ–૨૦૦૯ના નિયમો રીવાઈઝ કરી નવા નિયમો–૨૦૧૪ બનાવવામાં આવ્યા છે. આ નવા નિયમોમાં અન્ય સુધારા/વધારા ઉપરાંત મુખ્યત્વે બી.એડ્. અને એમ.એડ્. અભ્યાસક્રમના સમયગાળાની અવધી ૧ વર્ષથી વધારીને ૨ વર્ષ કરવા માટેની ભલામણ કરવામાં આવી છે તથા આ સુધારાને સદર અભ્યાસક્રમો ચલાવતી કોલેજોએ આગામી શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૫–૧૬થી લાગુ પાડવા તથા તે મુજબ અભ્યાસક્રમમાં જરૂરી ફેરફાર માટે જણાવેલ હોય જેને ઘ્યાને લેવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો અને શિક્ષણ વિદ્યાશાખાને જરૂરી આનુષંગિક કાર્યવાહી અર્થે મોકલવી.**

૯. સને ૨૦૧૪–૧૫ના શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

સને ૨૦૧૩–૧૪ ના શૈક્ષણિક વર્ષની પ્રસ્તુત સમિતિ પર નીચેના સભ્યો હતા.

(૧) ડો. કિરણ પંડયા
(૨) ડો. એન.બી.પટેલ
(૩) આ. શ્રીમતી જે.એમ.નાયક
(૪) ડો. હરીશ ડોકટર
(૫) ડો.કે.સી.પોરીયા
(૬) ડો. વિનોદભાઈ પટેલ (એમ.બી.એ.)
(૭) ડો.આર.ડી.પટેલ(સ્ટેટીસ્ટીકસ)
(૮) ડો.એસ.શ્રીનિવાસ રાવ (ઈકોનોમીકસ)

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૪–૧૫ના શૈક્ષણિક વર્ષ માટે અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા અંગેની સમિતિની નીચે મુજબ નિમણૂંક કરવી.**

**(૧) ડૉ.રાકેશભાઈ એન. દેસાઈ (પ્રોફેસર અને વડાશ્રી, અંગ્રેજી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૨) ડૉ.એન. બી. પટેલ (પ્રોફેસર રસાયણશાસ્ત્ર વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૩) ડૉ.જયંતી ચૌધરી (આચાર્યશ્રી, એમ.આર.દેસાઈ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી.)**
**(૪) ડૉ.વિપુલ જે. સોમાણી (પ્રોફેસર અને વડાશ્રી, મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૫) ડૉ. મુકેશ વસાવા (મદદનીશ પ્રાધ્યાપક તુલનાત્મક સાહિત્ય વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૬) ડો. વિનોદભાઈ પટેલ (પ્રોફેસર, જી. એચ. ભકતા મેનેજમેન્ટ એકેડમી (ડી. બી. આઈ. એમ.) ડિપાર્ટમેન્ટ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૭) ડૉ. કે. સી. પટેલ (પ્રોફેસર અને વડાશ્રી, રસાયણશાસ્ત્ર વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૮) ડો.એસ.શ્રીનિવાસ રાવ (પ્રોફેસર અને વડાશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**

૧૦. સને ૨૦૧૪–૧૫ના શૈક્ષણિક વર્ષ માટે પીએચ.ડી. અને એમ.ફીલ પદવી માટે નોંધાયેલા યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃતિ એનાયત કરવા અંગેની સમિતિની પુર્નરચના કરવા અંગે વિચારણા કરવા બાબત.

સને ૨૦૧૩–૧૪ના શૈક્ષણિક વર્ષની પ્રસ્તુત સમિતિ પર નીચેના સભ્યો હતા.

(૧) ડો.વી.ડી.નાયક

(૨) ડો. વિક્રમ બી.દેસાઈ

(૩) ડો. પિયુષ દેસાઈ

(૪) ડો. પરવેઝ અબ્બાસી

(૫) ડો.સતીષ પટેલ

(૬) ડો. કે.સી.પોરીયા

(૭) ડો.જગદીશ ગુર્જર

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૪–૧૫ના શૈક્ષણિક વર્ષ માટે પીએચ.ડી. અને એમ.ફીલ પદવી માટે નોંધાયેલા યુનિવર્સિટી સંશોધન શિષ્યવૃતિ એનાયત કરવા અંગેની સમિતિની નિમણૂંક કરવી.**

**(૧) આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયક (આચાર્યશ્રી, એસ.પી. બી. ઈંગ્લીશ મીડીયમ કોલેજ ઓફ કોમર્સ, લાલબંગલા નજીક, અઠવાલાઈન્સ, સુરત.)**

**(૨) આ. ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૩) ડૉ.ગૌરાંગ રામી (પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**

**(૪) ડૉ.દિપીકાબેન શાહ (પ્રોફેસર અને વડાશ્રી શિક્ષણ વિભાગ,વી. ન. દ. ગુ. યુ.,સુરત.)**

**(૫) ડૉ.સતીષભાઈ પટેલ (પ્રોફેસર, જાહેર વહીવટી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**

**(૬) ડૉ.કે. સી. પોરીયા(પ્રોફેસર અને વડાશ્રી ભૌતિકશાસ્ત્ર, વિભાગ, વી. ન. ગુ. યુ., સુરત.)**

**(૭) ડૉ.જગદીશ એમ. ગુર્જર(પ્રોફેસર અને વડાશ્રી ગુજરાતી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**

**૧૧.** સાઉથ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ, લાયન્સ હોસ્પીટલ કમ્પાઉન્ડ, આશાપુરી રોડ, નવસારીમાં ચાલતા ડી. એમ. એલ. ટી. અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪માં લાયન્સ હોસ્પીટલ કમ્પાઉન્ડ, આશાપુરી રોડ, નવસારીમાં ચાલતો હતો તે અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ થી કબીલપોર– ચોવીસી ખાતે કોલેજ તથા ટ્રસ્ટ તબદીલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલની શરતો પરીપાલન કરવાની શરતે સિન્ડીકેટની તા. ૨૬–૮–૨૦૧૪ના ઠરાવ ક્રમાંક (૮) થી મંજૂરી આપેલ હોય છે. જે સંદર્ભમાં સાઉથ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ, સંચાલિત સાઉથ ગુજરાત ઈનસ્ટિ. ઓફ મેડીકલ સાયન્સીસ કે લાયન્સ હોસ્પીટલ કમ્પાઉન્ડ, આશાપુરી રોડ, નવસારીમા ચાલતો હોય તે ટ્રસ્ટના તા. ૧૫–૧૨–૨૦૧૪ના પત્રથી કબીલપોર ચોવીસી વિભાગ કેળવણી મંડળ ધ્વારા સાઉથ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ, સંચાલિત સાઉથ ગુજરાત ઈનસ્ટિ. ઓફ મેડીકલ સાયન્સના નામ હેઠળ ચાલતા પીજી. ડી. એમ. એલ. ટી. અભ્યાસક્રમના સંચાલન બાબતે નીચેની સ્પષ્ટતા અને વિભાગ પાસે સદરહુ કોર્ષના સ્થળાંતર માટે ઉપલબ્ધ માહિતી નીચે મુજબ છે, જે અવલોકનમાં લેતા સાઉથ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ, લાયન્સ હોસ્પીટલ કમ્પાઉન્ડ, આશાપુરી રોડ, નવસારીની ટ્રસ્ટના નાણાકીય અને તમામ પ્રકારની જવાબદારી જે તે સંસ્થા પક્ષકારની રહેશે તેમ જણાવી આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન તેમજ ત્યાર પછી કોલેજ બાબતે શું કરવુ તેવો અભિપ્રાય માંગેલ હોય જે બાબતે તેમજ સાઉથ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ, લાયન્સ હોસ્પીટલ કમ્પાઉન્ડ, આશાપુરી રોડ, નવસારીની ટ્રસ્ટની યુનિવર્સિટીમાં જમા ફીક્ષ ડીપોઝીટ મેચ્યોરીટી તારીખે રીલીઝ કરવી કે કેમ તે પર વિચારણા કરવા અંગે.

(૧) વ્યાખ્યાતા કાશ્મીરાબેન એસ. સુરતવાલાની તા.૯–૧૦–૨૦૧૪ પત્રમાં જણાવેલ વિગત મુજબ તેઓને જુલાઈ થી સપ્ટેમ્બર ૨૦૧૪નો પગાર ન ચુકવતા, લાયન્સ હોસ્પીટલ કમ્પાઉન્ડ, આશાપુરી રોડ, નવસારીના સાઉથ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ ધ્વારા તેમના તા.૧૫–૧૨–૨૦૧૪ના પત્રથી નીચે સ્પષ્ટતા કરેલ છે.

(એ) વર્ષ ૨૦૧૪–૧૫ માટે કોલેજ ચાલુ રાખવા ટ્રસ્ટ ધ્વારા કોઈજ સંસ્થા કે અન્ય સાથે સમજૂતી, કરાર કે એમ. ઓ યુ. કરેલ નથી.

(બી) યુનિવર્સિટી અમારા ટ્રસ્ટની જાણ બહાર પીજી. ડી. એમ. એલ. ટી. કોલેજ ચાલુ રાખવા માટે નવસારીની કોઈ સંસ્થાને મંજૂરી આપેલ હોય, અમારી જાણ બહાર અન્ય સંસ્થાને કોલેજ ચાલુ રાખવા મંજૂરી આપેલ હોવાથી શ્રીમતી કાશ્મીરાબેન સુરતવાલાને પગાર ચૂકવવા માટે અમોને કઈ રીતે જણાવી શકે ? બાકીના કર્મચારીના પગારનું શું ?

(સી.) ટ્રસ્ટની જાણ બહાર ચાલતી પ્રવૃત્તિઓની જવાબદારી ટ્રસ્ટની રહેશે નહી. તેમજ ટ્રસ્ટના અને કોલેજના અમારા ચાલી આવતા ખાતાઓ સિવાય અમારા ટ્રસ્ટ કે કોલેજના નામથી કોઈ પણ સંસ્થા કે વ્યકિત અન્ય બેંકમાં અમારા નામથી ખાતા ચાલુ કરવા ઠરાવ કરેલ ન હોય તેથી ખાતા ખોલાવી શકશે નહી. તેવા સંજોગોમાં ઉપસ્થિત થનાર તમામ પ્રકારની જવાબદારી તે સંસ્થા –વ્યકિત કે પક્ષકારોની જ રહેશે. નિયમાનુસાર કાર્યવાહી કરવાનો અમારો હકક અબાધિત રાખીએ છીએ, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ માટે અને ત્યાર પછી આ કોલેજ બાબતે અમારે શું કરવુ જોઈએ તેનું માર્ગદર્શન માંગેલ છે.

(૨) (એ) <u>સાઉથ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ, સંચાલિત સાઉથ ગુજરાત ઈનસ્ટિ. ઓફ મેડીકલ સાયન્સ, લાયન્સ હોસ્પીટલ કમ્પાઉન્ડ, આશાપુરી રોડ, નવસારીના ર્ડા. રાજેષ સકસેના ધ્વારા તેમના તા.૧૦–૫–૨૦૧૪ના પત્રથી ડી. એમ. એલ. ટી. અભ્યાસક્રમ લાયન્સ ઓર્થોપેડીક હોસ્પિટલના સંકુલમાંથી સ્થળાંતર કરી કબીલપોર– ચોવીસી વિભાગ કેળવણી મંડળમાં ચાલુ કરવાની</u> માંગણી નવસારીના વિધાર્થીઓના શિક્ષણ જગતના હિતમાં યોગ્ય નિર્ણય લેવા વિનંતી કરેલ છે.

(બી) કબીલપોર ચોવીસી વિભાગ કેળવણી મંડળની તા.૧૬–૭–૨૦૧૪ની રજૂઆત મુજબ સાઉથ ગુજરાત ઈનસ્ટી. ઓફ મેડીકલ સાયન્સના નામથી બનેલ નવસારીનું ટ્રસ્ટ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ થી કોર્ષ ચલાવવા શકિતમાન ન હોવાથી કોર્ષ ચલાવવા ટ્રસ્ટને વિનંતી કરતા કબીલપોર ચોવીસી વિભાગ કેળવણી મંડળ ધ્વારા સાઉથ ગુજરાત એજયુકેશન ટ્રસ્ટ, ધ્વારા વર્ષ ૨૦૧૪–૧૫ થી પી. જી. ડી. એમ. એલ. ટી. સ્વનિર્ભર અભ્યાસક્રમ માટેની નિયત ફી લેઈટ ફી સાથે જમા કરાવ્યેથી સ્થાનિક તપાસ સમિતિની નીચેની શરતોને આધિન સિન્ડીકેટ ધ્વારા કોલેજ અને ટ્રસ્ટ તબદીલ કરવાની અને ચેરીટી. કમિશ્નરશ્રીની મંજૂરી મેળવી લેવાની શરતે શરતી જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ માટે મંજૂર કરેલ છે.

(એ) અભ્યાસક્રમમાં હાલમાં ઉપલબ્ધ કાયમી કર્મચારીઓને છૂટા કરવા નહી.
(બી) લેબોરેટરી, કલાસરૂમની વ્યવસ્થા ઉપલબ્ધ છે. પરંતુ કલાસરૂમમાં ઓડીયો વીઝયુઅલની વ્યવસ્થા ઉપલબ્ધ કરવી.
(સી) એડમીશન માટે ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી, યુનિવર્સિટીની મંજૂરી લઈ એડમીશન લીસ્ટ ફાઈનલ કરવું.
(ડી) ઓ. ૬૯ ( એ ) અને (બી) નું યથાર્થ પાલન કરવુ.
(ઈ) કોલેજ પાસેથી ઓછામાં ઓછા પાંચ વર્ષ સદર કોર્ષને ચાલુ રાખવા બાંહેધરી લેવી.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.**

**(૧) આ. ડૉ.વિક્રમભાઈ બી. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૨) શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**
**(૩) આ.ડૉ.જે. એમ. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**૧૨.** સ્વનિર્ભર સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમોનું ફી નું માળખું સર્વગ્રાહી રીતે નિયત કરવા તેમજ એક્રેડીટેશન / કોલેજના જોડાણનું વર્ગીકરણ કરવા સંદર્ભમાં સિન્ડીકેટની તા. ૨૬–૭–૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક (૧૯) અને સિન્ડીકેટની તા.૨૬–૮–૨૦૧૪ના ઠરાવ ક્રમાંક (૨) અન્વયે નિયુકત સમિતિની સભા સોમવારતા.૧૯–૧–૨૦૧૫ના રોજ મળેલ સભાએ નીચે મુજબની ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા અંગે.

(૧) રાજય સરકાર અને સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ૨૫ ટકા મેનેજમેન્ટ કવોટા સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી ભરવાનું નકકી કરવા ભલામણ છે.
(૨) દરેક અભ્યાસક્રમોમાં લાંબા સમયથી ફી વધારો થયેલ ન હોય ૧૦ ટકા ફી વધારો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી પ્રવેશ મેળવેલ વિધાર્થીઓને લાગુ પાડવા ભલામણ છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, મેનેજમેન્ટના સભ્યશ્રીઓને સાંભળવા ત્યાર બાદ ઘટતી કાર્યવાહી કરવી.**

**<u>(નોંધ : શ્રી સંજયભાઈ આઈ. દેસાઈએ સદર બાબતે વાંધો રજૂ કરેલ છે.)</u>**

**૧૩.** પીએચ. ડી. સંશોધન અભ્યાસમાં પ્રવેશ મેળવેલ વિધાર્થી ઈશા બી દેસાઈ ધ્વારા તેમની તા.૧૬–૧– ૨૦૧૫ની અરજીથી તેમના મેરેજ થયેલ હોય, તેમના ધ્વારા મેરેજ રજૂ કરેલ મેરેજ સર્ટીફીકેટને આધારે કેન્દ્ર સરકારની પાસપોર્ટ કચેરી ધ્વારા મેરેજ સર્ટીફીકેટને આધારે પાસપોર્ટમાં નામ ચેઈન્જ કરેલ હોય જે અવલોકનમાં લેતા યુનિવર્સિટી ધ્વારા પીએચ. ડી. સંશોધનના કોર્ષ વર્કની માર્કશીટ કે જે દેસાઈ ઈશા ભુપેન્દ્રકુમારના સ્થાને દેસાઈ ઈશા ભાવેશના નામે ઈસ્યુ કરવા વિનંતી કરેલ છે, જે વિનંતી સ્વીકારવી કે કેમ તે પર વિચારણા કરવા અંગે.

**<u>નોંધ :</u>**
(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજ અને યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં ચાલતા સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસ / એમ. ફીલ. અને પીએચ. ડી.માં અભ્યાસ કરતા વિધાર્થી સામાજીક કારણોસર તેમના પ્રવેશ મેળવેલ નામમાં ફેરફાર કરાવ્યેથી રાજય સરકારના ગેઝેટને આધીન ગેઝેટમાં બતાવેલ ફેરફાર મુજબનું નામ ચેઈન્જ હાલમાં યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવેલ છે.
(૨) અરજીકર્તા વિધાર્થી ધ્વારા રાજય સરકારના મેરેજ સર્ટીફીકેટના આધારે કેન્દ્ર સરકારની રીજીઓનલ પાસપોર્ટ ઓફીસ ધ્વારા ઈસ્યુ થતા પાસપોર્ટમાં નામ ચેઈન્જ કરવામાં આવતુ હોય જે અવલોકનમાં લેતા રાજય સરકારના મેરેજ સર્ટીફીકેટમાં દર્શાવેલ નામ મુજબનો ફેરફાર કરવા પીએચ. ડી. સંશોધન અભ્યાસની માર્કશીટમાં કરી આપવા વિનંતી કરેલ છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જો વિધાર્થીની (અભ્યાસ ચાલુ હોય તેવા વિધાર્થીનીના કિસ્સામાં જ) લગ્ન નોંધણીના અધિકૃત પ્રમાણપત્ર (લગ્ન નોંધણીના મુળ પ્રમાણપત્રની ખરાઈ બાદ) અને એફિડેવિટ રજુ કરે તો તેના આધારે નામમાં ફેરફાર કરવો.**

૧૪. મુન્શી મનુબરવાલા મેમોરીયલ ચેરીટેબલ ટ્રસ્ટ, દહેજ બાયપાસ રોડ, ભરૂચ સંચાલિત મુનશી મહિલા બી.એડ્. કોલેજ, ભરૂચને માયનોરીટી(લઘુમતી) સ્ટેટસ તરીકે માન્યતા આપવા માટે સદર કોલેજના કો.ઓર્ડિનેટરશ્રીએ તેમના તા.૧૨–૧૧–૨૦૧૪ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ** : (૧) સદર પત્ર નીચે મુજબ જણાવેલ છે.

મુન્શી મહિલા બી.એડ. કોલેજ, ભરૂચની મંજુર થયેલ ૧૦૦ શીટમાંથી ૫૦ શીટ ભરવાની સતા અત્રેનાં ટ્રસ્ટી મંડળને મળવાપાત્ર થાય છે તો તે અંગે ઘટતુ કરવા આપ સાહેબશ્રીને વિનંતી કરવામાં આવેલ છે. જેની નકલ પણ આ સાથે સામેલ રાખેલ છે. તે બાબતે તેમજ બંધારણની કલમ૩૦(૧) હેઠળ સરકાર માન્ય લઘુમતિ સંસ્થાની રૂએ મળવાપાત્ર થતા મૂળભૂત અધિકારોના આધારે અત્રેની સરકારમાન્ય લઘુમતિ સંસ્થાને કર્મચારીઓની નિમણૂંક કરવાની સત્તા પણ આપોઆપ મળી રહે છે. તો તે આધારે હવે પછી ખાલી પડનાર જગ્યાઓ પર યુનિવર્સિટીના ધારા–ધોરણ મુજબ લાયકાત ધરાવનાર વ્યકિતઓને નિમણૂંક આપવા સદર સંસ્થાને હકક પર્યાપ્ત થાય છે. વધુમાં બંધારણની જોગવાઈ મુજબ કોલેજમાં પસંદગી પામેલ કર્મચારીઓમાંથી લાયકાત ધરાવતા કર્મચારીને હવાલાનાં આચાર્યપદે નિમણૂંક આપવાનો હકક પણ આપોઆપ પર્યાપ્ત થાય છે જે સુવિદિત થવા સાથે ઘટતું કરવા નમ્ર વિનંતી છે.

(૨) ઉપરોકત પત્રની નકલ તથા સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના તા.૨૭–૬–૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ કગટ/૨૦૧૧/ક–૧/૧૨૫૭૯ના પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર સંસ્થાના રાજય સરકારશ્રીના લઘુમતી દરજજાના મુળ પ્રમાણપત્રની ખરાઈ કાર્યાલય દ્વારા કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીઓના પ્રવેશો NCTE તથા યુનિવર્સિટીના પ્રર્વતમાન ધારા ધોરણો મુજબ કરવા તથા શૈક્ષણિક ભરતી પ્રક્રિયા પણ યુનિવર્સિટીના પ્રવર્તમાન ધારા ધોરણો (O.37) મુજબ કરવાની રહેશે.**

૧૫. સાઉથ ગુજરાત સેલ્ફ ફાઈનાન્સડ કોલેજ મેનેજમેન્ટ એશોસિએશનના મંત્રીશ્રી અને અધ્યક્ષશ્રીની સંયુકત સહીથી માનનીય કુલપતિશ્રીને સંબોધીને લખેલ તા.૧૦–૧૨–૨૦૧૪ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને ડૉ.ઘનશ્યામભાઈ રાવલની સમિતિને રીફર કરવી.**

૧૬. ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન, ભરથાણા, વેસુનાં સેક્રેટરી/ મેનેજમેન્ટનાં ટ્રસ્ટીશ્રીનો તા.૨૫/૦૮/ ૨૦૧૪નો Ref. No.: જાવક નંબરઃ ભ.મ/ ૯૦ /૨૦૧૪–૧૫ તથા તા.૨૬/૦૮/૨૦૧૪નો Ref. No.: જાવક નંબરઃ ભ.મ/ ૯૧ /૨૦૧૪–૧૫નાં પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

<u>નોંધઃ</u>

(૧) ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન, ભરથાણા, વેસુ નાં સેક્રેટરી/ મેનેજમેન્ટનાં ટ્રસ્ટીશ્રી ઉપરોકત પત્રથી જણાવે છે, કે સદર કોલેજમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા પૂર્ણ સમયનાં વ્યાખ્યાતા <u>કુ. ભાવીના આર દેસાઈની પત્ર ક્રમાંકઃ એસ–૧(મહાવીર)(બી.એડ) તા.૧૭/૦૭/ ૨૦૦૪</u>થી મળેલ એપ્રુવલ મુજબ તેમને નિમણૂંકની તારીખથી બે વર્ષમાં NET/STETની પરીક્ષા પાસ કરવાની શરતે મંજૂરી આપી હતી. તથા સંસ્થાએ તેમને તે મુજબ તા.૧૯/૦૫/૨૦૦૪ નિમણૂંક આપી હતી. હાલમાં યુનિવર્સિટી કચેરી તરફથી આવેલ પરિપત્ર "ક્રમાંક એસ(૧)/૩૬૬૫/૨૦૧૪ તા.૨૪/૦૩/૧૪ના દ્વારામાં જણાવ્યા મુજબ યુનિવર્સિટી સિન્ડિકેટના તા.૨૨/૦૨/૧૪ના ઠરાવ ક્રમાંકઃ(૩૫)થી નિમણૂંકની પામેલા અધ્યાપકોને તેમની નિમણૂંક વખતની જે તે શરતો જ પરિપૂર્ણ કરવાની રહેશે" અને તેને અનુસરને ભાવીના દેસાઈએ બે વર્ષમાં NET/STETની પાસ કરવાની હતી જે તેમણે આજ સુધી પાસ કરી નથી. આ ઉપરાંત યુનિવર્સિટીના Ordinance-88 અન્વયે તેમણે માસ્ટર ડીગ્રી મીનીમમ ૫૫% સાથે પણ પાસ કરેલ નથી. તેમણે ફકત બી.એ.ની પરીક્ષા પાસ કરેલ છે.

(૨) શ્રીમતી નયનાબેન ચૌહાણ હાલ આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. <u>શ્રીમતી નયનાબેનને યુનિવર્સિટીના એપ્રુવલ પત્રક્રમાંક એસ–૧ (મહાવીર)(બી.એડ) તા.૧૭/૦૭/૨૦૦૪</u> મુજબ (નકલ સામેલ છે.) સંસ્થા તરફથી તા.૧૯/૦૫/૨૦૦૪ના રોજ અધ્યાપક તરીકે નિમણૂક આપવામાં આવી હતી જેમા યુનિવર્સિટી પસંદગી સમિટીએ કરેલી ભલામણ મુજબ શ્રીમતી નયનાબેને તેમની નિમણૂંકની તારીખથી બે વર્ષમાં NET/STETની પરિક્ષા પાસ કરવાની શરતે મંજૂરી આપી હતી. હાલમાં યુનિવર્સિટી તરફથી આવેલ પરિપત્ર ક્રમાંકઃ એસ(૧)/૩૬૬૫/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ(૩૫) થી નિમણૂંક પામેલ અધ્યાપકોને તેમની નિમણૂંક વખતની જે તે શરતો જ પરિપૂર્ણ કરવાની રહેશે. "શ્રીમતી નયનાબેને બે વર્ષમાં NET/STET પાસ કરવાની હતી જે તેમણે પાસ કરી નથી. શ્રીમતી નયનાબેન તા.૧૦/૧૧/૨૦૦૯ થી અમારી સંસ્થામાં ઈન્ચાર્જ પ્રિન્સીપલ તરીકે ફરજ બજાવે છે. યુનિવર્સિટીના પત્રક્રમાંકઃ એસ/૬૧૩૭/૨૦૧૦ તા.૧૮/૦૬/૧૦ મુજબ વર્ષ ૨૦૧૩ જૂન સુધી શ્રીમતી નયનાબેન ચૌહાણ આ જગ્યા પર કાર્યરત હતા હવે રેગ્યુલર પ્રિન્સીપાલની એપોઈનમેન્ટ થવાથી તેમણે તેમનો ચાર્જ સુપરત કર્યો ત્યારે અમારી સંસ્થાના ઈન્ટર્નલ ઓડીટર તરફથી એકાઉન્ટનું ઓડીટ ઓડીટરશ્રી દ્વારા કરવામાં આવતા નીચે મુજબની ક્ષતિઓ ધ્યાનમાં આવી છે.

ઉપરાંત વિદ્યાર્થીઓ પાસેથી શિક્ષણ ફી સાથે લેવામાં આવતી સ્ટુડન્ટ યુનિયન ફી ની રકમ જે દર વર્ષે લેવામાં આવે છે. તે અંગેનો હિસાબ પણ શ્રીમતી નયનાબેને મેઈનન્ટેઈન કરેલ ન હોય જેથી કોલેજનાં સેક્રેટરીશ્રી/ મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ તેમને હોદ્દા પરથી છૂટા કરવા તથા ઉપરોકત કુ.ભાવીના આર. દેસાઈને છૂટા કરવા અંગે અત્રેનાં કાર્યાલયને ભલામણ કરેલ જે બાબતે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટ તા.૫–૧૨–૨૦૧૪ ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ(૩૭), (૧) અન્વયે નીચે મુજબ ઠરાવ્યુ છે.

:: આથી ઠરાવવામાં આવે છે, કે જે શિક્ષકોની વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ૮ વર્ષમાં (૫+૩) NET/ GSLET/ Ph.D. તથા M.Phil. (જયાં લાગુ પડતુ હોય તેવા કિસ્સાઓમાં જ) પાસ કરવાની શરતે શરતી નિમણૂંક કરવામાં આવી હતી, ત્યાં હવેથી ૮ વર્ષ (૫+૩)ને બદલે ૧૧ વર્ષ (એટલે કે વધુ ૩ વર્ષ) (૫+૩+૩) કરવી અને ૧૧ વર્ષ બાદ કોઈપણ પ્રકારની અવધિ વધારવી નહી.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે બન્ને અધ્યાપકોને સાંભળવા ત્યાર બાદ યોગ્ય નિર્ણય કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૧૭. યુનિવર્સિટી સંલગ્ન સર્વોદય બી.એડ્. કોલેજ, નાના વરાછા, સુરત સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૨૦૧૫ થી બંધ કરવાના પાર્થ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, નાના વરાછા, સુરતના માનદ્મંત્રીશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ તેમના તા.૨૩–૦૫–૨૦૧૪ના પત્ર ઉપર વિચારણા કરી સિન્ડિકેટ, તા.૨૫–૦૬–૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ (૧૧) અન્વયે, નિયુકત સમિતિએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સર્વોદય બી.એડ્. કોલેજ, નાના વરાછા, સુરતના સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૨૦૧૫ થી બંધ કરવાના પાર્થ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, નાના વરાછા, સુરતના સંદર્ભે સ્થાનિક તપાસ સમિતિએ કરેલ ભલામણ અનુસાર સંચાલક મંડળને રૂબરૂ બોલાવવા અને ઓર્ડીનન્સ–૬૬ હેઠળ નિયમાનુસારની આગળની કાર્યવાહી કરવી.**

૧૮. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત કાર્ય વિસ્તારમાં ગ્રાન્ટેડ/સેલ્ફ–ફાઈનાન્સ કોલેજોમાં કેટલાંક સમયથી આચાર્યોની નિમણૂંક કરવામાં આવેલ નથી.પરિણામે કોલેજના શૈક્ષણિક અને વહીવટી ક્ષેત્રે ખૂબજ માઠી અસર પડે છે.જેને લઈને આ બાબતે યુનિવર્સિટીએ આચાર્યોની ખાલી પડેલી તમામ કોલેજોની એક સાથે વર્તમાનપત્રોમાં જાહેરાત આપી યુનિવર્સિટીના ઓર્ડિનન્સ મુજબની પસંદગી સમિતિ બનાવી સત્વરે આ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી કરવી જે સમગ્ર શિક્ષણ જગતના હિતમાં છે. આ બાબતે ઘટતું કરવા વિનંતી કરી છે. તથા ગ્રાન્ટેડ કોલેજો માટે સંચાલકમંડળને સત્વરે સરકારશ્રી પાસેથી વહીવટી મંજૂરી લઈ લેવાનું જણાવતાં માનનીય સિન્ડિકેટ સભ્યશ્રી પરેશ આર.પટેલે તેમનાં તા. ૧૯–૧–૨૦૧૫ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ :**

(૧) સિન્ડિકેટની તા. ૨૦–૮–૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃ (૨૦) નીચે મુજબ ઠરાવેલ હતું.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સંલગ્ન સ્વનિર્ભર કોલેજોનાં આચાર્યશ્રીની જગ્યા માટે વય મર્યાદા યુ. જી. સી.નાં તા.૪–૪–૨૦૦૭ના પત્ર ક્રમાંક : F. 3-1/ 94PS) (Vol.9) અન્વયે ૬૨ થી ૬૫વર્ષ સુધી લંબાવવી અને આચાર્યોની ખાલી જગ્યાઓ તા.૩૦–૯–૨૦૦૯ સુધીમાં ભરવા સંલગ્ન કોલેજના ટ્રસ્ટીશ્રીઓને જણાવવું. પરંતુ સદર ૬૨–૬૫ વર્ષ વય મર્યાદામાં નિમણૂંક મેળવનાર આચાર્યશ્રી યુનિવર્સિટી Act-8 (A)ની જોગવાઈઓ અન્વયે યુનિવર્સિટીના કોઈ પણ અધિકાર મંડળ પર તેઓ હોદ્દાની રૂએ હકકદાવો કરી શકશે નહીં.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આચાર્ય સહિતનો શૈક્ષણિક સ્ટાફ જે સ્વનિર્ભર કોલેજોમાં ખાલી હોય તે તા.૩૦–૯–૨૦૦૯ સુધીમાં ભરવો અન્યથા ત્યાર બાદ યુનિવર્સિટી દ્વારા કેન્દ્રીયકૃત ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેમાં દરેક સંસ્થાએ રૂા.૨૦,૦૦૦/– અંદાજિત ખર્ચ પેટે યુનિવર્સિટીમાં જમા કરાવવાનાં રહેશે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્યશ્રીઓની ભરતી પ્રક્રિયા ૩૦ (ત્રીસ) દિવસમાં કરવા તમામ સંસ્થાઓને પત્ર લખી તાકીદ કરવી અને જો વિવિધ સંસ્થાઓ ભરતી ન કરે તો યુનિવર્સિટી ખાતે કેન્દ્રિય ધોરણે સદર ભરતી માટેની પ્રક્રિયા હાથ ધરવી. ડૉ.ઘનશ્યામભાઈ રાવલની સમિતિને પત્ર વિચારણા માટે આપવો.**

૧૯. શ્રી અખંડવિદ્યા આરણ્યક બી.એડ્. કોલેજ (ગર્લ્સ), શ્રી સદગુરૂધામ, પો.: બરૂમાળ, તા.: ધરમપુર, જિ. :વલસાડની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૧૦–૨૦૧૩ ના રોજ મળેલ ઠરાવ ક્રમાંકઃ (૭૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૮–૦૧–૨૦૧૪ની ભલામણ ક્રમાંકઃ (૧૫૪) અન્વયે સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરી, સિન્ડિકેટની તા. ૩–૨–૨૦૧૪ ની કાર્યવાહીને બહાલી આપતા વેળાએ સિન્ડિકેટ, તા.૨૨–૨–૨૦૧૪ના રોજ મળેલ સભામાં નિયુકત કરેલ ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**નોંધ :**

(૧) સિન્ડિકેટની તા.૩–૨–૨૦૧૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૩૧) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી અખંડવિદ્યા આરણ્યક બી.એડ્. કોલેજ (ગર્લ્સ), શ્રી સદગુરૂધામ, પો.: બરૂમાળ, તા.: ધરમપુર, જિ. :વલસાડની ઉપરોકત દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૧૦–૨૦૧૩ ના રોજ મળેલ ઠરાવ ક્રમાંકઃ (૭૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન બી.એડ્. (સ્વનિર્ભર) અભ્યાસક્રમનું ચાલુ જોડાણ શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૪–૧૫ માટે આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

(૨) ત્યારબાદ સિન્ડિકેટની તા.૩–૨–૨૦૧૪ની કાર્યવાહીને બહાલી આપતી વેળા સિન્ડિકેટ, તા.૨૨–૨–૨૦૧૪ના રોજ મળેલ સભામાં નીચે મુજબ સુધારો કરેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી અખંડવિદ્યા આરણ્યક બી.એડ્. કોલેજ (ગર્લ્સ), શ્રી સદગુરૂધામ, પો.: બરૂમાળ, તા.: ધરમપુર, જિ. :વલસાડની ઉપરોકત દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં નીચે મુજબની ચકાસણી સમિતિની નિમણૂંક કરી ટ્રસ્ટીશ્રીઓને સમિતિ સમક્ષ હાજર રાખવા તથા અધ્યાપકો અંગેનો ખુલાસો કરવા જણાવવું.**

(૧) આ.ડો. વિનોદભાઈ પટેલ (બારડોલી)

(૨) આ.ડો.પ્રફુલ્લસિંહ રાજ (ખરોડ કોલેજ)

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી અખંડવિદ્યા આરણ્યક બી.એડ્. કોલેજ (ગર્લ્સ), શ્રી સદગુરૂધામ, પો.: બરૂમાળ, તા.: ધરમપુર, જિ. :વલસાડની ઉપરોકત દર્શાવેલ વિગતે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૧૦–૨૦૧૩ના રોજ મળેલ ઠરાવ ક્રમાંકઃ (૭૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૮–૦૧–૨૦૧૪ની ભલામણ ક્રમાંકઃ (૧૫૪) અન્વયે સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરી, સિન્ડિકેટ, તા.૨૨–૨–૨૦૧૪ના રોજ મળેલ સભામાં સિન્ડિકેટની તા.૩–૨–૨૦૧૪ની કાર્યવાહીને બહાલી આપતા વેળાએ તેના ઠરાવ ક્રમાંક : ૧૩૧ અન્વયે નિયુકત કરેલ ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલમાં જણાવેલ શરતોનું પાલન કરવાની શરતે સ્વીકારી મંજૂર કરવો.**

૨૦. વનસેવા મહાવિદ્યાલય, બીલપુડી, તા.ધરમપુર, વલસાડ(બી.આર.એસ.)નાં વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્નો અંગે અત્રેનાં કાર્યાલયના તા.૨૧–૦૮–૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃ એસ(૧)/ ૧૦૨૯૧/ ૨૦૧૪ થી સદર કોલેજનાં (૧) ઈ.ચા. આચાર્યશ્રી તથા (૨) શ્રી ઠાકોરભાઈ ચૌધરી ઉપરોક્ત બાબતે ખુલાસો મોકલવા જણાવેલ હતુ, પ્રસ્તુત બાબતમાં ઉપરોકત કોલેજનાં ઈ.ચા. આચાર્યશ્રીનો તા.૨–૯–૨૦૧૪નાં જા.નં. ૨૪૦/ડીગ્રી/૯/૨૦૧૪ થી અત્રેનાં કાર્યાલયને ખુલાસો મોકલેલ છે.

વધુમાં જણાવવાનું કે ક્રમઃ(૨) શ્રી ઠાકોરભાઈ ચૌધરીનો ઉપરોક્ત બાબતે ખુલાસો અત્રેનાં કાર્યાલયને ન મળતા તા.૧૫–૦૯–૨૦૧૪ નાં પત્ર ક્રમાંકઃ એસ(૧)/૧૨૨૫૬/ ૨૦૧૪ થી સ્મૃતિપત્ર લખેલ હોય જે બાબતમાં શ્રી ઠાકોરભાઈ ચૌધરી નો ખુલાસો ન મોકલતા તેમને પુનઃ, તા.૧૫–૧૦–૨૦૧૪નાં પત્ર ક્રમાંકઃ એસ(૧)/ ૧૨૫૪૫/૨૦૧૪ થી સ્મૃતિપત્ર–૧ ખુલાસો મોકલવા જણાવેલ હતુ તેમ છતાં, તેમના તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળતા તેમને તા.૧૨–૦૧–૨૦૧૫ નાં પત્ર ક્રમાંકઃ એસ(૧)/૫૮૮/૨૦૧૫ થી સ્મૃતિપત્ર–૨ (R.P.A.D.) દ્વારા સદરહુ બાબતે ખુલાસો મોકલવા જણાવવામાં આવેલ હોય, તેમ છતાં, આજદિન સુધી ખુલાસો મોકલેલ ન હોય તે સંદર્ભે વિચારણા કરવા બાબત.

(<u>નોંધ</u>ઃ– (૧) સિન્ડિકેટ, તા.૦૩–૦૨–૨૦૧૪ ના રોજ મળેલ સભાની કાર્યવાહી ની બહાલી આપતી વેળાએ ઠરાવ ક્રમાંકઃ (૨૦૨), સિન્ડિકેટ, તા.૨૨–૨–૨૦૧૪ ના રોજ મળેલ સભામાં નીચે મુજબ સુધારો કરેલ છે.

<u>**સિ.તા.૩–૨–૨૦૧૪ની બાબત ક્રમાંક : ૨૦૨**</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, તા.ધરમપુરમાં ચાલતા અભ્યાસક્રમ બી.આર.એસ.ના પ્રવેશો સ્થગિત કેમ ન કરવા તેનો ખુલાસો પુછવો અને ટ્રસ્ટીશ્રીઓને રૂબરૂ બોલાવવા.**

<u>**ને બદલે**</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, તા.ધરમપુરમાં ચાલતા અભ્યાસક્રમ બી.આર.એસ.ના પ્રવેશો સ્થગિત કેમ ન કરવા તેનો ખુલાસો પુછવો અને <u>ટ્રસ્ટીશ્રીઓને આગામી સિન્ડિકેટ સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહેવા જણાવવું.</u>**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, <u>તા.ધરમપુરના ઈન્ચાર્જ આચાર્ય તથા અધ્યાપક શ્રી ઠાકોરભાઈ ચૌધરીની શિક્ષક તરીકેની માન્યતા કેમ રદ ન કરવી તે અંગેનો ખુલાસો પુછી આગામી સિન્ડિકેટમાં રજૂ કરવો.</u>**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે મેનેજમેન્ટને જણાવવાનું કે, શ્રી ઠાકોરભાઈ ચૌધરી યુનિવર્સિટીના પત્રોનો જવાબ આપતા નથી તેથી તેમને છુટા કરવાની પ્રક્રિયા કરવા તથા જે અધ્યાપકોનો ખુલાસો મળ્યો છે તેની સ્પષ્ટતાઓની ચકાસણી સ્થાનિક તપાસ સમિતિ (LIC) કરશે. ત્યાર બાદ તેઓને માનનીય કુલપતિશ્રી સમક્ષ રૂબરૂ મુલાકાત માટે બોલાવવા.**

**વધુમાં ખુલાસો ધ્યાને લેતા હાલ પ્રવેશો સ્થગિત કરવા નહીં.**

૨૧. National Council for Teacher Educationના તા.૧૬/૧૨/૨૦૧૪ના ક્રમાંક : WRC/NCTE/Regulations–2014/{Guj.}/2014થીNCTE (Recognition Norms & Procedure) Regulation-2014 મોકલેલ છે. જેમાં B.Ed, B.P.Ed. અને M.Ed.ના નિયમો સુધારી પ્રસ્તુત અભ્યાસક્રમને ૨ વર્ષના કરવામાં આવ્યા છે તથા યુ.જી.સી.ના ચેરમેનના તા. ૦૨–૦૧ – ૨૦૧૫ના પત્રક્રમાંક : F.1-1/2014 (Teacher Education) મુજબ બી.એડ્, બી.પી.એડ્ અને એમ.એડ્ ના અભ્યાસક્રમને ૨ વર્ષના અભ્યાસક્રમમાં રૂપાંતરિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવો શિક્ષણ વિદ્યાશાખાની તથા શિક્ષણ વિદ્યાશાખા હેઠળ આવતી તમામ વિષયોની અભ્યાસ સમિતિઓની સંયુકત બેઠક બોલાવવી ત્યાર બાદ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે બાબત મુકવી.**

૨૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે Demolition of DBIM Buildingના મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડર મુજબ કોન્ટ્રાકટર દ્વારા યુનિવર્સિટીમાં રૂા.૭,૧૯,૦૦૦/– જમા કરાવવા મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડરની ઓફર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ : પ્રસ્તુત મકાન ઉતારી લેવા માટે સિન્ડિકેટની તા.: ૦૫/૧૨/૨૦૧૪ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૪૯ થી મંજૂરી આપવામાં આવેલ છે.)

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે** Demolition of DBIM Building**ના મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડર મુજબ કોન્ટ્રાકટર દ્વારા યુનિવર્સિટીમાં રૂા.૭,૧૯,૦૦૦/– જમા કરાવવા મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડરની ઓફરને મંજૂર કરવી.**

૨૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે Demolition of East Side Portion of Boys Hostel No. 2 (Satpuda Hostel)ના મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડર મુજબ કોન્ટ્રાકટર દ્વારા યુનિવર્સિટીમાં રૂા.૧૩,૭૩૩/– જમા કરાવવા મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડરની ઓફર ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ : પ્રસ્તુત મકાન ઉતારી લેવા માટે સિન્ડિકેટની તા.: ૦૫/૧૨/૨૦૧૪ ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૫૧ થી મંજૂરી આપવામાં આવેલ છે.)

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે** Demolition of East Side Portion of Boys Hostel No. 2 (Satpuda Hostel)**ના મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડર મુજબ કોન્ટ્રાકટર દ્વારા યુનિવર્સિટીમાં રૂા.૧૩,૭૩૩/– જમા કરાવવા મળેલ ઓનલાઈન ઈ–ટેન્ડરની ઓફરને મંજૂર કરવી.**

૨૪. સિન્ડીકેટની તા. ૧૨–૧–૨૦૧૫ના ઠરાવ ક્રમાંક (૧૨) ની નોંધ અન્વયે સદર બાબતનો બાકી રહેતી બાબત સિન્ડીકેટની વિચારણા માટે રજૂ કરવા ઠરાવેલ હોય જે અવલોકનમાં લેતા પીએચ. ડી. / એમ. ફીલ. સંશોધન અભ્યાસના કોર્ષ વર્ક કે જે હાલમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચલાવવામાં આવે છે તે કોર્ષ વર્કના વિધાર્થીઓની તમામ પ્રકારની ફી યુનિવર્સિટી ખાતે જમા લેવા અને કોર્ષ વર્કનું સંચાલન કરતી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને વિધાર્થી દીઠ કેટલી રકમ વહીવટી અને કોર્ષ વર્ક આનુષંગીક ખર્ચ માટે ફાળવણી કરવી, તે પર વિચારણા કરવા અંગે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ. ડી. / એમ. ફીલ. સંશોધન અભ્યાસના કોર્ષ વર્ક કે જે હાલમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચલાવવામાં આવે છે તે કોર્ષ વર્કના વિધાર્થીઓની તમામ પ્રકારની ફી યુનિવર્સિટી ખાતે જમા લેવા અને કોર્ષ વર્કનું સંચાલન કરતી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને વિધાર્થી દીઠ કેટલી રકમ વહીવટી અને કોર્ષ વર્ક આનુષંગીક ખર્ચ માટે ફાળવણી કરવા અંગે પુખ્ત વિચારણા કરી જરૂરી ભલામણ કરવા સદર બાબતે તમામ વિદ્યાશાખાના ડીનશ્રીઓની સમિતિ બનાવવી અને સદર સમિતિએ કરેલ ભલામણ સિન્ડિકેટની વિચારણા માટે રજૂ કરવી.**

૨૫. સિન્ડિકેટ સભ્યોની સંયુકત સહિથી શ્રી એ. એમ. નાયક (પદમ ભૂષણ અને ચેરમેન લાર્સન એન્ડ ટુબ્રો લી.)ને D. Lit. ની માનદ પદવી એનાયત કરવા અંગેના પત્ર પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની આ સભા ભારતીય કોર્પોરેટ ક્ષેત્રમાં વિવિધ સિધ્ધીઓ/ પુરસ્કારો અને સન્માનો હાંસલ કરનાર શ્રી અનિલ મણીભાઈ નાયકે ભારત તથા વિદેશોમાં કોર્પોરેટ ક્ષેત્રે આપેલી બહુમૂલ્ય સેવા બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફથી ડોકટર ઓફ લેટર્સ (ડી.લીટ.)ની માનદ્ પદવી એનાયત કરવા સર્વાનુમતે સેનેટને ભલામણ કરે છે.**

**વધુમાં, પ્રસ્તુત બાબતની દરખાસ્ત સેનેટ સમક્ષ શ્રી સંજયભાઈ દેસાઈ પાસે રજૂ (Move) કરાવવી. પ્રસ્તુત બાબતની વિચારણા સમયે ૧૪ સિન્ડિકેટ સભ્યો હાજર હતા.**

૨૬. માર્ચ/એપ્રિલ – ૨૦૧૫ અને ઓકટોબર / નવેમ્બર : ૨૦૧૫માં લેવાનારી વિવિધ પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓ પર લગાવવાના સ્ટીકર છપાવવા અંગે ટેન્ડર મંગાવેલ, આવેલ ૫ (પાંચ) ટેન્ડરોનું તુલનાત્મક પત્રક તૈયાર કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે, તે અંગે વિચારણા કરવા બાબત…

(પરીક્ષા)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, માર્ચ/એપ્રિલ–૨૦૧૫ અને ઓકટોબર/ નવેમ્બર : ૨૦૧૫માં લેવાનારી વિવિધ પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓ પર લગાવવાના સ્ટીકર છપાવવા અંગે ટેન્ડર મંગાવેલ તે પૈકી L1 પાર્ટીને ઓર્ડર આપવો.**

૨૭. યુનિવર્સિટી સંલગ્ન સી.ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક એન્ડ હોસ્પિટલ,સુરતમાં પ્રથમ વર્ષ બી.એચ.એમ.એસ. માં ૭૫ બેઠકો ઉપરાંત ૨૫ બેઠકો વધારીને ૧૦૦ બેઠકો અંગે જરૂરી તમામ માળખાકીય સુવિધાઓ તથા સાધન સામગ્રી ઉપલબ્ધ છે. સી.સી. એચ.ના નિયમ અનુસાર વધારાની કોઈપણ માળખાગત સુવિધા તથા સાધન સામગ્રી જરૂરી હશે તો તે ઉપલબ્ધ કરાવીશું જેથી વધારાની ૨૫ બેઠકો માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું N.O.C. આયુષ વિભાગ, દિલ્હીમાં અરજી કરવા માટે આપવા સદર કોલેજના ઈનચાર્જ આચાર્યશ્રીએ તેમના તા.૧૩–૦૧–૨૦૧૫ ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્થાનિક તપાસ સમિતિ દ્વારા મુકવામાં આવેલ શરતોની પૂર્તતા માટે તાકીદે પત્ર લખવો તેમજ કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને એપેક્ષ બોડિ માટે N.O.C. આપવું.**

૨૮. **Admission recognition and affiliation** બાબતે સુપ્રિમ કોર્ટના WP.(C) No.276/2012, તા.૧૩–૧૨–૨૦૧૨ના ચુકાદા મુજબ જોડાણ અંગે પણ સદર જજમેન્ટના પાના નંબર ૭૭ ઉપર ક્રમાંક: ૧ થી ૧૬માં શીડયુલ્ડ આપેલ હોઈ, જે તમામ શિક્ષણ વિદ્યાશાખાની કોલેજને લગતા હોઈ, આ જજમેન્ટની નકલ શિક્ષણ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીને સર્વગ્રાહી નિર્ણય કરવા ઘટતું કરવા અને સર્વગ્રાહી અભિપ્રાય મોકલી આપવાનું જણાવતાં શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રીએ તેમના તા.૨–૨–૨૦૧૫ના પત્રથી મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાની નોંધ લેવામાં આવે છે અને તદઅનુસાર કાર્યવાહી કરવી.**

**વધુમાં પરિશિષ્ટ: " ગ "માં દર્શાવ્યા મુજબ શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રીએ તેમના તા.૨–૨–૨૦૧૫ના પત્રથી મોકલેલ અહેવાલના ક્રમાંક : (૧)માં નીચે મુજબનો સુધારો કરવો.**

**– સત્રનો પ્રારંભ – ૧ લી જૂન (પાના નં ૪)**

**<u>ને બદલે</u>**

**– સત્રનો પ્રારંભ – ૧ લી <u>જુલાઈ</u> (પાના નં ૪)**

**<u>વાંચનમાં લેવું.</u>**

**(પરિશિષ્ટ :" ગ ")**

૨૯. સિન્ડિકેટ સભ્યશ્રીઓ (૧) શ્રી સંજયભાઈ દેસાઈ (૨) શ્રી શ્રીધર નિમાવત (૩) શ્રી કિરણ પંડયા (૪) શ્રી પરેશ પટેલ (૫) ડૉ. ઘનશ્યામ રાવલના તા.૦૨/૦૨/૨૦૧૫ના સહીવાળા પત્ર મુજબ બી.બી.એ. કોર્ષને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં મૂકવા અંગે નીચે મુજબના ઠરાવો થયા છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૧૨–૨૦૦૬ની સભાની ભલામણ ક્રમાંક : ૫૦</u>**

"સદર કોર્ષને મેનેજમેન્ટ ફેકલ્ટીમાં મુકવો વધુ યર્થાથ જણાય છે આથી તે માટે જરૂરી કાર્યવાહી કરવા અને સ્ટેટયૂટમાં જરૂરી સુધારા વધારા કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. "

**<u>સિન્ડિકેટની તા. ૦૪–૦૧–૨૦૦૭ ની બાબત ક્રમાંક : ૩૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૧૨–૨૦૦૬નાં ઠરાવ ક્રમાંક : (૫૦)નો સ્વીકાર કરવો અને સ્ટેટયૂટમાં જરૂરી સુધારા કરી સેનેટને ભલામણ કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

સિન્ડિકેટ સભ્યના પત્ર મુજબ સેનેટની આગામી સભામાં સિન્ડિકેટ તરફથી ડૉ. શ્રીધર નિમાવત પાસે ઉપરોકત ઠરાવ રજુ (મુવ) કરાવવા જણાવેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત એકેડેમિક કાઉન્સિલની તા.૧૪–૧૨–૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંક : ૫૦ તથા સિન્ડિકેટની તા.૦૪–૦૧–૨૦૦૭ની બાબત ક્રમાંક : ૩૬થી પાસ થયેલ હોય તેથી સૈધ્ધાંતિક સ્વીકાર કરવો. સદર સભ્યશ્રીઓએ રજુ કરેલ સ્ટેટયુટસ ૧૦૬, ૧૨૦, ૨૨૯માં કરેલા સુધારા પરિશિષ્ટ: " ઘ " મુજબ મંજૂરી અર્થે એકેડેમિક કાઉન્સિલને રીફર કરવા. એકેડેમિક કાઉન્સિલની વિચારણા બાદ તા.૨૬/૨૭–૩–૨૦૧૫ની સેનેટમાં રજૂ કરવા સિન્ડિકેટ વતી મંજૂર કરી સેનેટમાં રજુ (Move) કરનારનું નામ નકકી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**(પરિશિષ્ટ: " ઘ ")**

૩૦. સિન્ડિકેટ સભ્યશ્રીઓ (૧) ડૉ. સંજય આઈ. દેસાઈ (૨) શ્રી શ્રીધર નિમાવત (૩) શ્રી કિરણ પંડયા (૪) શ્રી પરેશ પટેલ (૫) ડૉ. ઘનશ્યામ રાવલનો તા.૦૨/૦૨/૨૦૧૫નો સહીવાળો પત્રમાં જણાવ્યા મુજબ વિનયન વિદ્યાશાખાનું વિભાજન કરી (૧) ફેકલ્ટી ઓફ સોશ્યલ સાયન્સીસ અને (૨) ફેકલ્ટી ઓફ હ્યુમેનિટિઝ એમ બે અલગ અલગ વિદ્યાશાખાઓ બનાવવા અંગેના પત્ર પર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ સદર બાબત અન્વયે નીચે મુજબના ઠરાવો થયા હતા.**

**(૧) વિનયન વિદ્યાશાખાની તા. ૧૧–૧૦–૯૪ ની સભાની ભલામણ ક્રમાંક : ૪**

**(૨) એકેડેમિક કાઉન્સિલની તા. ૧૪–૧૦/૨૫–૧૧–૯૪ ની સભાની ભલામણ ક્રમાંક : ૪૦**

**(૩) <u>સિન્ડિકેટની તા. ૦૭–૧૨–૯૪ ની સભાની ભલામણ ક્રમાંક : ૬૧</u>**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી ને તદ્દનુસાર વિનયન વિદ્યાશાખાનું વિભાજન કરી ફેકલ્ટી ઓફ સોશ્યલ સાયન્સીસ અને ફેકલ્ટી ઓફ હયુમેનિટિઝ એમ બે અલગ–અલગ વિદ્યાશાખા રાખવી અને તે અંગેની જોગવાઈ આમે જ કરવા સ્ટેટયૂટ ૧૦૬, ૧૨૦ અને ૨૨૯ પરિશિષ્ટમાં આપ્યા પ્રમાણે વંચાય તે રીતે સુધારવા સેનેટને ભલામણ કરવી.**

**વધુમાં પ્રસ્તુત સ્ટેટયૂટ ૧૦૬, ૧૨૦ અને ૨૨૯ સેનેટની આગામી સભામાં સિન્ડિકેટ તરફથી આચાર્યશ્રી એરચ જમસેદજી પટેલ પાસે રજૂ (MOVE) કરાવવા.)**

(શૈક્ષણિક)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરી દરખાસ્ત કરનાર સભ્યશ્રીઓ દ્વારા રજુ કરેલ સ્ટેટયુટસ ૧૦૬, ૧૨૦, અને ૨૨૯ને પરિશિષ્ટ : " ચ " મુજબ મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલને રીફર કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, તા.૨૬/૨૭–૩–૨૦૧૫ની સેનેટની વાર્ષિક સભામાં આ બાબત રજુ કરવા સિન્ડિકેટ વતી મંજૂર કરી સેનેટમા રજુ (Move) કરનારનું નામ નકકી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**(પરિશિષ્ટ : " ચ ")**

૩૧. ડૉ. પ્રતિભાબેન બી. દેસાઈ, ડાયરેકટર, શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટિટયૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ, અઠવાલાઈન્સ, સુરતનું સેનેટનું સભ્યપદ અન્વયે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) (સી) (૨)નું અર્થઘટન યોગ્ય રીતે થયેલ નહી હોવાથી સરકારશ્રીના તા.૧૯–૧–૧૫ના પત્ર ક્રમાંકઃ દગજ– ૨૦૧૩– ૧૨૬૯– ખ૧ માં જણાવેલ હુકમથી સેનેટનું સભ્યપદ રદ કરવાના સરકારશ્રીના નિર્ણયની નોંધ લેવા બાબત.

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. પ્રતિભાબેન બી. દેસાઈ, ડાયરેકટર, શ્રી રામકૃષ્ણ ઈન્સ્ટિટયૂટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ, અઠવાલાઈન્સ, સુરતનું સેનેટનું સભ્યપદ અન્વયે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧) (સી) (૨)નું અર્થઘટન યોગ્ય રીતે થયેલ નહીં હોવાથી સરકારશ્રીના તા.૧૯–૧–૧૫ના પત્ર ક્રમાંકઃ દગજ– ૨૦૧૩– ૧૨૬૯– ખ૧ માં જણાવેલ હુકમથી સેનેટનું સભ્યપદ રદ કરવાના સરકારશ્રીના નિર્ણયની નોંધ લેવી.**

૩૨. શ્રી.સંજયભાઇ દેસાઇ તથા શ્રીધર નિમાવત અને કિરણ પંડ્યાનો તા. ૦૫-૦૨-૨૦૧૫ના પત્રના અનુસંધાન માં સવિનય જણાવવાનું કે, એમ.એસસી.(આઇ.ટી. અને આઇ.સી.ટી.) તેમજ એમ. એસ. સી. (બાયોટેકનોલોજી)ના અભ્યાસક્રમોના વિભાગોને સ્વતંત્ર દરજ્જો આપવાની એકેડેમીક કાઉન્સિલની તા.૮-૩-૨૦૧૦ની સભાએ તેના ઠરાવ ક્રમાંક(૧૦)અન્વયે સિન્ડિકેટને ભલામણ કરેલ હોય જે અન્વયે સિન્ડિકેટની તા.૮-૪-૨૦૧૦ની સભાએ તેના ઠરાવ ક્રમાંક:(૩૧) અન્વયે નીચેના અભ્યાસક્રમ સામે દર્શાવેલ વિભાગને અનુસ્નાતક વિભાગનો સ્વતંત્ર દરજ્જો આપવા ઠરાવેલ હોય જે અનુસ્નાતક વિભાગને સ્ટેટયુટ(૨૯૧)માં આમેજ કરવા ઠરાવવામાં સામેલ છે.

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | ડીપાર્ટમેન્ટનું નામ |
|---|---|---|
| ૧ | M.Sc.(IT&ICT) | ડીપાર્ટમેન્ટ ઓફ ઇન્ફોરમેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી |
| ૨ | M.Sc.(બાયોટેકનોલોજી) પાંચ વર્ષીય ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ | ડીપાર્ટમેન્ટ ઓફ બાયોસાયન્સ |

સેનેટની તા.૨૯-૩-૨૦૧૨ની સભાની ઠરાવ ક્રમાંકઃ૭થી ઠરાવવામાં આવ્યુ હતુ કે, **"ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત બાબતને Withdraw કરવામાં આવી હતી."** ઉપરોકત પત્ર દ્વારા સિન્ડિકેટ સભ્યશ્રીએ, સદર બાબતને સેનેટમાં કોની પાસે મૂવ કરાવવી તેની વિચારણા અર્થે સિન્ડિકેટમાં રજૂ કરવા જણાવે છે તેથી સદર બાબત પર વિચારણ કરવા અંગે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત અન્વયે સબંધિત સ્ટેટયુટમાં નીચે પ્રમાણે ઉમેરો કરવો.**

**(૧) પ્રવર્તમાન સ્ટેટયુટ ૨૯૧ની અંદર અનુક્રમ નંબર–૧૫ ઉપર ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી નામનો ઉમેરો કરવો અને સદર ડિપાર્ટમેન્ટના કાર્યક્ષેત્ર હેઠળ M.Sc.(બાયોટેકનોલોજી) પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમો શીખવવામાં આવશે.**

**(૨) પ્રવર્તમાન સ્ટેટયુટ ૨૯૧ની અંદર અનુક્રમ નંબર–૧૯ ઉપર ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી નામનો ઉમેરો કરવો અને સદર ડિપાર્ટમેન્ટના કાર્યક્ષેત્ર હેઠળ M.Sc.(IT&ICT)નો અભ્યાસક્રમ શીખવવામાં આવશે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતના કોઠામાં જણાવેલ**

**અનુક્રમ નં. ૧ M.Sc.(IT&ICT) ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ફોરમેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીનો પાઠ સેનેટ સભ્યશ્રી ડૉ. અપૂર્વ એ. દેસાઈ પાસે સેનેટની સભામાં રજુ (Move) કરાવવો.**

**અનુક્રમ નં.૨ M.Sc.(બાયોટેકનોલોજી) પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ અભ્યાસક્રમનો પાઠ સેનેટ સભ્યશ્રી આ. ડૉ.અશ્વિનભાઈ એસ. પટેલ પાસે સેનેટની સભામાં રજુ (Move) કરાવવો.**

**ઉપરોકત બન્ને ડિપાર્ટમેન્ટોને સ્વતંત્ર દરજ્જો આપવા જરૂરી મંજૂરી માટે સેનેટને ભલામણ કરવામાં આવે છે.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**

ક્રમાંક : એસ–૧ (૧)/ ૨૫૨૩/૨૦૧૫.

તા.૨૩–૨–૨૦૧૫.

પ્રતિ,

**સિન્ડિકેટના સર્વ સભ્યશ્રીઓ......**